## હરિની દ્રષ્ટિ... - હરિન ભટ્ટ




નકલી બાબા ગુરુનું લીસ્ટ તમારે જોવાની જરૂર નથી... તમે જુઓ કે તમે અસલી ભક્ત છો કે... એમ જ સમય પસાર કરવા અમારી પાસે આવી જાવ છો...!!

# માણસા પાલિકામાં બે વોર્ડ ઘટ્યા એક બેઠક વધી

## માણસા નગરપાલિકાનું નવુ સીમાંકન જાહેર થયું

ગાંધીનગર, તા. ૧૮

ગાંધીનગર જિલ્લાની માણસા નગરપાલિકાની આગામી ફેબ્રુઆરીમાં યોજાનાર સામાન્ય ચૂંટણી માટે નવા સીમાંકન અંગે રાજ્ય ચૂંટણી પંચે પ્રાથમિક જાહેરનામુ પ્રસિદ્ધ કરી દીધુ છે.

આ જાહેરનામુ પ્રસિદ્ધ કરી પંચે લોકો પાસે વાંધા સૂચનો માંગ્યા છે. રાજ્ય ચૂંટણી આયોગે વોર્ડના સીમાંકન માટે જરૂરી માહિતી એકઠી કરી છે તેમજ સને ૧૯૪૮ના સેન્સસ એક્ટ અન્વયે સને-૨૦૧૧ના વસ્તીગણતરીના છેવટના પ્રસિદ્ધ થયેલ આંકડા ધ્યાને લેતાં નગરપાલિકાની વસ્તી ૩૦,૩૪૭ છે.

આ જાહેરનામા પ્રમાણે શહેરને ૭ વોર્ડમાં વહેંચવામાં આવેલ છે તેથી વોર્ડની સરેરાશ વસ્તી ૪૩૩૫ની થાય છે.

માણસા નગરપાલિકામાં હાલ નવ વોર્ડ છે અને તેમાં બે વોર્ડનો ઘટાડો થયો છે જ્યારે એક બેઠકમાં વધારો થયો છે.

રાજ્ય સરકારે ગુજરાત લોકલ ઓથોરીટીઝ લોઝ (એચેડમેન્ટ) એક્ટ ૨૦૦૯થી ગુજરાત નગરપાલિકા અધિનિયમમાં કેટલાક સુધારા કરેલ છે. આ સુધારા અન્વયે નગરપાલિકામાં ૫૦ ટકા બેઠકો મહિલાઓ માટે અનામત રાખવાનું નક્કી કરેલ છે.

રાજ્ય સરકારે વોર્ડના સીમાંકન અને અનામત બેઠકોની ફાળવણી બાબતના (સુધારા) નિયમો ૨૦૧૪માં સુધારો કરી નગરપાલિકા માટે એક વોર્ડમાં ચાર બેઠકો રાખવા અને તે પૈકી બે બેઠકો સ્ત્રીઓ માટે અને બાકીની બે બેઠકો જરૂરિયાત મુજબ અનામત કે બિન અનામત રાખવાની જોગવાઈ કરેલ છે.

શહેરમાં અનુ. જાતિની વસ્તી ૧૮૯૩ ૨૦૧૧ની વસ્તીગણતરીમાં જણાયેલ છે. તે મુજબ વોર્ડ નં. ૮ અને ૧ માં નિયમાનુસાર અનુ. જાતિ માટે બેઠક ફાળવવામાં આવી છે.

નવા સીમાંકનમાં ૧૪ બેઠકો મહિલાઓ માટે અનામત રાખવામાં આવી છે. અનુ. જાતિ માટે ૧ બેઠક મહિલા અનામત રાખવામાં આવી છે. તેમજ પછાત વર્ગ માટેની ૩ બેઠકો પૈકી એક એક બેઠક સ્ત્રી અનામત રાખવામાં આવી છે.

# સર્વેયરની કોમ્પ્યુટર પરીક્ષા રદ કરવા ગૌણ સેવાના અધ્યક્ષને ઉમેદવારો દ્વારા આવેદનપત્ર

ગાંધીનગર, તા.૧૮

તાજેતરમાં સર્વેયરની સીધી ભરતી અંતર્ગત કોમ્પ્યુટરની પરિક્ષા યોજાઈ હતી. આ પરિક્ષા તા.૩૧ ઓગસ્ટ અને તા.૧ સપ્ટેમ્બરના રોજ લેવામાં આવી હતી. કોમ્પ્યુટરની કાર્યક્ષમતાના પેપરમાં પ્રશ્નો એક સરખા પુછવામાં આવતા તા.૩૧ ઓગસ્ટના ઉમેદવારોને નુકસાન થવા પામ્યું છે.જેને પગલે ઉમેદવારોએ ગૌણસેવા પસંદગી મંડળ પર ગેરરીતીના આક્ષેપ પણ લગાવ્યા છે અને પરિક્ષા રદ કરવા માટે ગૌણ સેવા પસંદગી મંડળના અધ્યક્ષને આવેદન પત્ર આપી ઉગ્ર રજુઆત કરી છે.

ગુજરાત ગૌણ સેવા પસંદગી મંડળ દ્વારા સર્વેયરની સીધી ભરતી અન્વયે કોમ્પ્યુટરની કાર્યક્ષમતાની કસોટી માટે તાજેતરમાં પરિક્ષા લેવામાં આવી હતી. આ પરિક્ષા તા. ૩૧ ઓગસ્ટ અને ૧ સપ્ટેમ્બરના રોજ લેવાઈ હતી જેમાં ઉમેદવારોએ કોમ્પ્યુટરની પરિક્ષા આપી હતી. પરંતુ આ પરિક્ષામાં વર્ડ ટાઈપીંગ ગુજરાતીમાં કરવાનું તેમજ ફકરો હાર્ડ કોપીમાં હશે તેવો નિયમ હતો. પરંતુ કોમ્પ્યુટરની પરિક્ષામાં ટેન્ડર નોટીસ પુછવામાં આવી હતી.

જેમાં ગુજરાતી તેમજ અંગ્રેજી સહિત ફોર્મેટીંગ તૈયાર કરવાનું હોય છે જે સુચના બહારનું હતું. પ્રથમ દિવસે યોજાયેલ પરિક્ષાનું પ્રશ્ન પત્ર બીજા દિવસે પરિક્ષા આપવા માટે જનાર વિદ્યાર્થીઓએ સોલ કરી દીધુ હતું. જેથી બીજા દિવસે પરિક્ષામાં મોટાભાગના પ્રથમ દિવસના જ પ્રશ્નો પુછાતા તા.૩૧ ઓગસ્ટના રોજ પરિક્ષા આપેલ ઉમેદવારોમાં રોષ ફેલાયો છે. જેને પગલે ઉમેદવારોએ ગૌણ સેવા પસંદગી મંડળ પર પરિક્ષાનું પેપર સેટ કરવામાં ગેરરીતી આચરી હોવાનો આક્ષેપ કર્યો છે. આ પરિક્ષા રદ કરીને એક જ દિવસે તમામ ઉમેદવારોની પરિક્ષા યોજવા માટે આજે ગૌણ સેવા પસંદગી મંડળના અધ્યક્ષ અશિત વોરાને આવેદન પત્ર પાઠવી યોગ્ય કરવા જણાવ્યું હતું.



## ચિલોડા ઓમલેન્ડ સ્કૂલ ખાતે તાલુકા-બ્લોકકક્ષાની એસએમસી તાલીમ યોજાઈ

તાલુકાના ચિલોડા મોટા ઓમલેન્ડ સ્કૂલ ખાતે તાલુકા બ્લોક કક્ષાની એસએમસી તાલીમ યોજાઈ હતી. આ તાલીમ વર્ગમાં શિહોલીમોટા, દોલારાણા વાસણા, નવા પીંપળજ, રાંધેજા, સરઢવ, વલાદ, સાદરા, વડોદરા, લવારપુર, દશેલા, વિરાતલાવડી, ચિલોડા, ડભોડા વગેરે ગામોના પ્રાથમિક શાળાના આચાર્યો અને શાળા વ્યવસ્થાપન સમિતિના શિક્ષણવિદોની તાલીમમાં ૮૮ શાળાના આચાર્યો અને શિક્ષણવિદો હાજર રહ્યા હતા. આ તાલીમમાં સૌ પ્રથમ સમુહ પ્રાર્થના, એસએમસીની રચના ભૂમિકા અને કાર્યો, કે.જી.બી.વી. અને જેન્ડર એજ્યુકેશન એસટીપી, પ્રજ્ઞા અભિનય, આરટીઈ, બાળ અધિકારો એસએમએ અંતર્ગત વિવિધ કાર્યક્રમો વહીવટી પ્રશ્નો એન કામગીરી વગેરે વિષય પર તજજ્ઞો દ્વારા માર્ગદર્શન પુરૂ પાડ્યું હતું. આ તાલીમમાં શિક્ષણવિદોએ પોતાના મંતવ્યો અને પ્રશ્નોતરી દ્વારા તાલીમમાં સહયોગી બન્યા હતા. આ તાલીમમાં તજજ્ઞ તરીકે અમીતભાઈ પટેલ, ભરતભાઈ ગોહિલ, ભૂમિકાબેન પ્રજાપતિ, હિનલબેન પટેલ, નીલેશભાઈ પટેલ, દિપ્તીબેન પટેલ, બીઆરસી કો.ઓ. પંકજભાઈ પટેલ તથા જગદીશભાઈ પટેલ વગેરે વિષય અનુસાર ચર્ચા-વિચારણા દ્વારા તાલીમ આપી હતી.

# 'અમે વિસનગરી' દ્વારા જુની યાદોને વાગોળાઈ

ગાંધીનગર, તા. ૧૮

'અમે વિસનગરી' સીનીયર સિટીઝન અમદાવાદ/ગાંધીનગરનો ભવ્ય અને યાદગાર પ્રસંગનો શુભારંભ ૧૨૫ સભ્યોની હાજરીમાં તા. ૧૦-૯-૨૦૧૭ રવિવારે બપોરે ૩ થી ૬ કલાકે સાહિત્ય પરિષદના ત્રિપાઠી હોલ આશ્રમ રોડ ખાતે મંગલદીપ પ્રગટાવી કરવામાં આવ્યો.

'અમે વિસનગરી' મંચમાં વિસનગરમાં જે લોકો બાળમંદિર-સ્કૂલ-કોલેજમાં અભ્યાસ કરી ચુક્યા હોય તેવા સીનીયર સીટીઝન અમદાવાદ અને ગાંધીનગર ખાતે સ્થાયી થયાં હોય તેઓને સંગઠીત કરવાનું ભગીરથ કાર્ય સંકલનકર્તા રાજેશ પંડિત મારફતે કરવામાં આવ્યું. વિસનગર અને અમદાવાદ, ગાંધીનગર ખાતે સમાજ ઉપયોગી, ઉત્થાન કાર્યો કરી આવનાર પેઢીમાં પ્રેરણારૂપ કાર્યો કરવાનો સંકલ્પ રજુ થયો.

આ સમારંભ મંચના પ્રમુખ વિજય યાજ્ઞિક સભાના અધ્યક્ષ જગદીશભાઈ પટેલ (લિબર્ટી પબ્લીકેશન) તેમજ અતિથી વિશેષ સુરેશભાઈ મહેતા (નિવૃત્ત બેંક અધિકારી), પ્રવિણભાઈ પટેલ (આર્કીટેક) અને કમલેશભાઈ કંસારા (ભારત વિકાસ પરિષદ)ની નિશ્રામાં ઉજવાયો. સભાનું સંચાલન મનોજ વ્યાસ, શ્રીમતી નિહારીકા આચાર્ય તથા નયનેશભાઈ જાની દ્વારા કરવામાં આવ્યું.




ગાંધીનગરની નબળાઈ : માર્ગો અને મકાનોના ઝળહળાટથી પૂર ઝડપે વિકસી રહેલ ગાંધીનગરમાં ગંદકી અને દબાણ એ નબળાઈ બની ગયા છે. અસંખ્ય અભિયાનો અને ઝુંબેશો થતી હોવા છતાં શહેરના મુખ્ય બજારોમાં ગંદકી યથાવત છે. કુડાસણ માર્ગ પર વિકસેલ બજારમાં ગંદકીનું પ્રમાણ વધતા ભારે ચર્ચા જાગી છે.

## ખેતલા આપાના સ્ટોલ પરથી મનપાએ નમૂના લીધા

ગાંધીનગર, તા. ૧૮

ગાંધીનગર મહાનગર પાલિકાની ફૂડ શાખાએ આજે સે. ૧૧માં આવેલ ખેતલા આપાની શાખામાંથી દૂધ અને ચાની ભૂકીના નમૂના મેળવી તેને લેબોરેટરીમાં પરીક્ષણ માટે મોકલી આપવામાં આવેલ છે. રાજ્યના વિવિધ શહેરોમાં પથરાયેલ ખેતલા આપા ટી સ્ટોલમાંથી આ નમૂના મેળવવામાં આવી રહ્યા છે. છેલ્લા ત્રણ દિવસથી આ વિવાદ વધુ ઘેરો બનતાં આજે ગાંધીનગર મનપાની ફૂટ શાખાએ પણ નમૂના મેળવી અને તપાસ માટે મોકલ્યા છે.

## ભાટ ગામના યુવાને ગળાફાંસો ખાઈ લીધો

ગાંધીનગર નજીક ભાટ ગામમાં રહેતા યુવાન વિક્રમ મંગળભાઈ ઠાકોરે રાતથી સવારના સાડા સાત વાગ્યાના સમયગાળામાં કોઈ પણ સમયે ગળે ફાંસો ખાઈ લઈ આપઘાત કરી લીધો હતો. પત્નિ સવારે ઉઠી તો પતિને લટકેલી હાલતમાં જોઈ ચોંકી ગઈ હતી અને પોલિસને જાણ કરી બોલાવી લેતા અડાલજ પોલિસ સ્થળ પર પહોંચી ગઈ હતી.

# છુટા કરાયેલા સફાઈ કર્મચારીઓને નોકરીએ પરત લેવા ઉગ્ર માંગ

**મનપા દ્વારા એક વર્ષ અગાઉ છુટા કરાયેલા ૩૦૦ જેટલા રોજમદાર કર્મચારીઓનું ન્યાય માટે કલેકટરને આવેદનપત્ર : પાંચ દિવસમાં ન્યાય નહી મળે તો ઉપવાસ આંદોલનની ચિમકી**

ગાંધીનગર, તા.૧૮

ગાંધીનગર મ્યુનિસિપલ કોર્પોરેશન દ્વારા છેલ્લા એક વર્ષથી છુટા કરાયેલા ૩૦૦ જેટલા રોજમદાર સફાઈ કર્મચારીઓને પુનઃ નોકરીએ લઈ કાયમી કરવાની માંગ સાથે ગુજરાત સફાઈ કર્મચારી આંદોલન દ્વારા કોન્ટ્રાકટ પ્રથા નાબુદી અભિયાન અંતર્ગત જિલ્લા કલેકટરને આવેનદપત્ર આપવામાં આવ્યું છે. આ આવેદનપત્રમાં સફાઈ કામદારોને જો પાંચ દિવસમાં ન્યાય આપવામાં નહીં આવે તો ગુજરાત સફાઈ કર્મચારી આંદોલન દ્વારા ગાંધી ચિંધ્યા માર્ગે અન્ન જળના ત્યાગ સાથે આંદોલન કરાશે તેવી ચિમકી ઉચ્ચારવામાં આવી છે.

ગાંધીનગર મહાનગરપાલિકા દ્વારા ગત વર્ષે ૩૧મી જુલાઈના રોજ ૩૦૦ જેટલા રોજમદાર સફાઈ કામદારોને કોઈ પણ જાતની નોટીસ કે જાણ વગર છુટા કરી દેવાયા હતા આ કામદારો દ્વારા અનેક લેખિત અને મૌખિક રજૂઆતો છતાં તેમને પાછા નોકરીએ લેવામાં આવતા નથી. આવેદનપત્રમાં વડનગર, રાજકોટ, જામનગર અને અમદાવાદમાં સફાઈ કર્મચારીઓને ન્યાય મળ્યા હોવાના હવાલા સાથે ગાંધીનગરના કર્મચારીઓને પણ ન્યાય આપવા માંગ કરવામાં આવી છે. આ સાથે કર્મચારીઓને પોતના હક માટે અવાજ ઉઠાવવા કાર્યક્રમ યોજવા મંજૂરી અપાતી નથી તેમજ વ્હાલા દવલાની નીતિ અપનાવી અમુક કર્મચારીઓને નોકરીએ પરત લઈ લેવાયા હોવાનો પણ આવેદનપત્રમાં આક્ષેપ કરાયો છે. આ સાથે વડાપ્રધાન તથા મુખ્યમંત્રી દ્વારા વારંવાર જાહેર કાર્યક્રમોમાં તમામ કર્મચારીઓને ન્યાય આપી હંગામી કર્મચારીઓને કાયમી કરવાના વચનો આપવામાં આવતા હોવાના ઉલ્લેખ સાથે ગાંધીનગર મનપાના છુટા કરાયેલા કર્મચારીઓને સત્વરે નોકરીએ પરત લેવા માંગ કરવામાં આવી છે. જો આ કર્મચારીઓને પાંચ દિવસમાં ન્યાય નહી મળે તો ગાંધી ચિંધ્યા માર્ગે ઉપવાસ આંદોલન સહિતના કાર્યક્રમો યોજવાની ચિમકી પણ ઉચ્ચારવામાં આવી છે.

# આજે પ્રદેશ ભાજપ કારોબારીની બેઠક

ગાંધીનગર, તા. ૧૮

ગુજરાત પ્રદેશ ભાજપ કારોબારીની આવતીકાલે મળનારી બેઠકમાં કેન્દ્ર સરકારને અભિનંદન પાઠવતાં અને રાજકીય ઠરાવ પસાર કરવામાં આવશે. આ ઉપરાંત આગામી ચૂંટણી અંગે ચૂંટણીલક્ષી કાર્યક્રમો જાહેર કરવામાં આવનાર હોવાનું જાણવા મળે છે.

આવતીકાલે પ્રદેશ ભાજપ અધ્યક્ષ જીતુભાઈ વાઘાણીની અધ્યક્ષતામાં અને પ્રભારી ભૂપેન્દ્ર યાદવ રાષ્ટ્રીય મહામંત્રી વી. સતીષની ઉપસ્થિતિમાં મળનારી બેઠકમાં મુખ્યમંત્રી વિજય રૂપાણી, નીતિનભાઈ પટેલ, પ્રદેશ આગેવાનો, વિવિધ મોરચાના હોદ્દેદારો, જિલ્લા પ્રમુખો અને કારોબારી સભ્યો ઉપસ્થિત રહેશે.

આ બેઠકમાં ગુજરાતની જીવાદોરી સમાન સરદાર સરોવર નર્મદા યોજના બંધ રાષ્ટ્રને સમર્પિત કરવા અંગે તેમજ કેન્દ્ર સરકારની પ્રજાલક્ષી કામગીરી અંગે વડાપ્રધાનનો આભાર માનતો અને અભિનંદન આપતો ઠરાવ પસાર કરવામાં આવશે તેમજ કોંગ્રેસની નીતિઓને વખોડતો રાજકીય ઠરાવ પસાર કરવામાં આવનાર હોવાનું જાણવા મળે છે.

આ ઉપરાંત આ બેઠકમાં આગામી વિધાનસભા ચૂંટણી માટે પક્ષ દ્વારા ઘડી કાઢવામાં આવનાર ચૂંટણીલક્ષી કાર્યક્રમોનો અમલ કરવા ઉપરાંત છેવાડાના માનવીઓ વચ્ચે જઈ રાજ્ય કેન્દ્ર સરકારની સફળતાઓની ગાથાઓની માહિતગાર કરવા માટે માર્ગદર્શન કરવામાં આવશે.

ભાજપના આગેવાનો અને જિલ્લા સંગઠ્ઠનોને બુથ સુધીનું સંગઠ્ઠન મજબૂત બનાવવા અને જિલ્લાના અને તાલુકા કક્ષાએ ચૂંટણીના કામે લાગી જવા માટે અનુરોધ કરવામાં આવશે.

# રાજ્યમાં સ્વાઈન ફ્લુથી વધુ બેના મોત

ગાંધીનગર, તા. ૧૮

સ્વાઈન ફ્લુના કારણે આજે અમદાવાદમાં બે લોકોના મોત થયા હતા અને નવા ૧૩ કેસ નોંધાયા હતા. આની સાથે જ સ્વાઈન ફ્લુના કારણે મૃત્યુ થવાનો સિલસિલો જારી રહ્યો છે. ગુજરાતના અન્ય ભાગોમાંથી મોડી રાત સુધી સ્વાઈન ફ્લુના કારણે મોત અંગે કોઈ માહિતી મળી શકી ન હતી. તંત્ર દ્વારા સ્વાઈન ફ્લુના આંકડા અને કેસોને લઈને માહિતી આપવામાં ઉદાસીનતા રાખવામાં આવી રહી છે જેથી પુરતા પ્રમાણમાં માહિતી મળી રહી નથી. છેલ્લા ૨૪ કલાકમાં બેના મોત થયા છે. ૨૦૦૯ બાદથી મોતનો આંકડો ૧૭૫૦ સુધી પહોંચ્યો છે. સ્વાઈન ફ્લુને રોકવા માટે તમામ પગલા લેવાઈ રહ્યા હોવા છતાં મોતનો આંકડો અવિરતરીતે વધી રહ્યો છે. હજુ પણ ઘણા લોકો સ્વાઈન ફ્લુની સારવાર લઈ રહ્યા છે જ્યારે કેટલાક લોકો ઓક્સિજન પર અને કેટલાક લોકો બાયપેપ ઉપર છે. હજુ પણ અનેક દર્દી વેન્ટીલેટર પરહોવાની વિગત સપાટી ઉપર આવી ચુકી છે. સરકાર દ્વારા જુદા જુદા વિસ્તારોમાં દર્દીઓ માટે ખાસ વ્યવસ્થા પણ ગોઠવી છે. કેસોની સંખ્યામાં ચિંતાજનકરીતે વધારો થયો છે. સ્વાઈન ફ્લુથી મોતના મામલામાં ગુજરાત સૌથી અગ્રણી રાજ્ય પૈકી થઈ ગયું છે. કિલર સ્વાઈન ફ્લુને કાબૂમા લેવામાં સફળતા મળી રહી છે તેવા ગુજરાત સરકારના દાવાઓ છતાં સ્વાઈન ફ્લુના કારણે દરરોજ મોતનો સિલસિલો જારી રહ્યો છે. એકલા અમદાવાદ શહેરમાં સ્વાઈન ફ્લુના કારણે લોકોની હાલત કફોડી બનેલી છે. અમદાવાદમાં સ્થિતિ ચિંતાજનક છે. એકંદરે જુદા જુદા ભાગોમાં સ્વાઈન ફ્લુથી મોટી સંખ્યામાં લોકો ગ્રસ્ત થયા છે.

# માયાબહેન તે દિવસે વિધાનસભામાં હતા : અમિત શાહની જુબાની

**માયાબહેનની તરફે બચાવ પક્ષના સાહેદ તરીકે અમિત શાહની જુબાની અને ઉલટતપાસ પૂર્ણ : શાહની બચાવ પક્ષના પુરાવાને સમર્થન આપતી જુબાની**

અમદાવાદ, તા.૧૮

નરોડા ગામના ચકચારભર્યા રાયોટીંગ કેસના ટ્રાયલ દરમ્યાન આજે ભારે ઉત્તેજનાપૂર્ણ માહોલ વચ્ચે ભાજપના રાષ્ટ્રીય અધ્યક્ષ અમિત શાહની જુબાની અને ઉલટતપાસ પૂર્ણ કરાઈ હતી. લગભગ ૫૮ મિનિટ સુધી શાહની જુબાની અને ઉલટતપાસ ચાલ્યા હતા. માયાબહેન તરફે બચાવપક્ષના સાહેદ તરીકે અમિત શાહને કોર્ટ રૂબરૂ તપાસવામાં આવ્યા હતા. જેમાં અમિત શાહે સાફ શબ્દોમાં કોર્ટ સમક્ષ સ્પષ્ટ કર્યું હતું કે, માયાબહેન કોડનાની બનાવના દિવસે વિધાનસભા અને સોલા સિવિલ હોસ્પિટલ ખાતે હાજર હતા. એ દિવસે ગોધરાકાંડમાં માર્યા ગયેલા મૃતકોને લઈ સોલા સિવિલ હોસ્પિટલ ખાતે ઉમટેલા તેમના પરિવારજનો અને નાગરિકોમાં આક્રોશ હતો અને તેથી પોલીસ મને અને માયાબહેનને કોર્ડન કરી પોલીસજીપમાં લઈ ગઈ હતી. નરોડા ગામ કેસમાં આરોપી માયાબહેન કોડનાની તરફે બચાવપક્ષના સાહેદ તરીકે ભાજપના રાષ્ટ્રીય અધ્યક્ષ અમિત શાહની જુબાની એડવોકેટ અમિત શાહે લીધી હતી. અમિત શાહે કોર્ટ સમક્ષ આપેલી શબ્દશઃ જુબાની કંઈક આ પ્રમાણે છે. "ગત તા.૨૭-૨-૨૦૦૨ ના રોજ ગોધરા મુકામે સાબરમતી એક્સપ્રેસ ટ્રેનમાં ડબ્બો બાળવાનો બન્યો હોવાની માહિતી પ્રાપ્ત થઈ હતી. આ ટ્રેનમાં અમદાવાદ શહેર સહિત જુદા જુદા વિસ્તારના લોકો ભોગ બન્યા હતા. એ દિવસે વિધાનસભાનું સત્ર ચાલુ હતુ અને બીજા દિવસે વિધાનસભાનું સત્ર મળશે તેવી અધ્યક્ષ તરફથી જાહેરાત કરાઈ હતી. હું તા.૨૮-૨-૨૦૦૨ના રોજ સવારે ૭-૧૫ વાગ્યાના રોજ મારા ઘેરથી નીકળી ગાંધીનગર વિધાનસભા જવા નીકળ્યો હતો. ગૃહનું સત્ર એ દિવસે સવારે ૮-૩૦ વાગ્યે શરૂ થવાનું હતું. હું મારી ગાડીમાં ગયો હતો અને ગાડી મારો ડ્રાઈવર ચલાવતો હતો. વિધાનસભા પહોંચ્યો ત્યારે અધ્યક્ષ અને લગભગ તમામ સભાના સભ્યો હાજર હતા. તા.૨૭મીએ બનેલા ગોધરા ટ્રેન બનાવમાં ઘણા લોકોનું અવસાન થયું હોવાથી મૃતકોને શ્રધ્ધાંજલિ આપવા માટે બેઠક રખાઈ હતી. બેઠકમાં બનાવમાં અવસાન પામેલાઓને શ્રધ્ધાંજલિ અર્પાઈ હતી. મને આંક ૧૭૬ ૨નું સી.નં.૬૪ બતાવાયું છે તે જોતાં હું જણાવું છું કે, તેમાં મારી સહી છે અને હું તે ઓળખી બતાવું છું. મેં એ દિવસે માયાબહેનને વિધાનસભામાં હાજર જોયા હતા અને હું સ્પષ્ટપણે જણાવુ છું કે, તા.૨૮-૨-૨૦૦૨ના રોજ માયાબહેન કોડનાનીની વિધાનસભા બોઠકમાં ઉપસ્થિતી હતી. વિધાનસભાની બેઠક મુલત્વી થયા પછી સોલા સિવિલ હોસ્પિટલે ઘણા બધા લોકોના મારા પર ફોન આવવા લાગેલા. મારે જણાવવાનું કે, સોલા સિવિલ હોસ્પિટલ મારા મત વિસ્તારમાં સ્થિત હોઈ તે સંજોગોમાં હું ગાંધીનગર વિધાનસભાથી સોલા સિવિલ હોસ્પિટલ જવા નીકળ્યો હતો. હું સોલા સિવિલ સવારે ૯-૩૦થી ૯-૪૫ દરમ્યાન પહોંચ્યો હતો, ચોક્કસ સમય કહી શકતો નથી. સોલા સિવિલ પહોંચતા મેં જોયેલું કે, મૃતકોના મૃતદેહો ત્યાં લાવવામાં આવતા દરેકના ઘણાબધા સગા સંબંધીઓ ત્યાં હાજર થયેલા અને મૃતદેહ પર પોસ્ટમોર્ટમ વિગેરે કાર્યવાહી થઈ રહી હતી. મારે જણાવવાનું કે, તે વખતે સોલા સિવિલ હોસ્પિટલ ખાતે થોડી અફરાતફરીનો માહોલ હોય તેવું મને લાગેલુ. હું સૌપ્રથમ જ્યાં પોસ્ટમોર્ટમ થઈ રહ્યા હતા ત્યાં ગયો હતો પરંતુ ત્યાંના હાજર અધિકારીઓએ મને અંદર જવા દીધેલ નહી. તેથી ત્યાં બહાર આસપાસના મૃતકોના સગાસંબંધીઓ હતા ત્યાં હું ગયો હતો તેમ જ જે મૃતદેહ પોસ્ટમોર્ટમ થઈ ગયા છે અને તેના આઈડેન્ટીફિકેશનની પ્રક્રિયા ચાલી રહી હતી ત્યાં પણ હું ગયો હતો. ત્યાં અમારા પક્ષના પણ ઘણાબધા કાર્યકર્તાઓ વિગેરે હાજર હતા. મેં ત્યાં અમારા વોર્ડના ઘણાબધા કાર્યકરો અને ઓળખીતાઓ હતા અને એક નટુભાઈ વાઘેલાને જોયેલાનું મને યાદ છે. હું ઘણો સમય ત્યાં રહેલો. મારી ફરીથી જણાવવાનું કે, હું બહાર નીકળ્યો ત્યારે લોકોમાં ઘણો આક્રોશ હોઈ સૂત્રોચ્ચાર ચાલુ હતો અને મેં એ લોકોને સમજાવવાનો પ્રયત્ન કરેલો પણ તે લોકોએ મને પણ ઘેરી લીધેલો, તેથી પોલીસવાળાએ મને કોર્ડન કરી દૂર એકબાજુએ લઈ ગયા હતા.



## વિચારીને જવાબ આપજો તમે જે કહેશો તે નોંધાશે

નરોડા ગામની સ્પેશ્યલ કોર્ટના ડેઝીગ્નેટેડ જજ પી.બી.દેસાઈએ અમિત શાહને સ્વાભાવિક જાણકારી આપતાં કહ્યું હતું કે, તમે સમજી વિચારીને પૂછાયેલા પ્રશ્નોના જવાબ આપજો. કારણ કે, તમે જે પણ કંઈ કહેશો કે બોલશો તે જુબાનીમાં કોર્ટના રેકર્ડ પર નોંધાશે એટલે...જેથી અમિત શાહે હકારમાં તેની સંમતિ દર્શાવી હતી.

PI તેમજ અન્ય સ્પર્ધાત્મક પરીક્ષા માટે
ICS -NEW APPROACH
એક દિવસમાં તૈયાર કરો એક વિષય
ભૂગોળ, ઈતિહાસ, બૌધિક ક્ષમતા, કરન્ટ બંધારણ, સાયન્સ ટેક., ઈકો. એન્ડ પ્લાનીંગ,
ફી - ૫૦૦/- રૂા. પ્રતિ વિષય
કોચીંગ + સ્ટડી મટીરીયલ્સ
તા.23-9-2017 થી દર શનિ, રવિ
રજીસ્ટ્રેશન-રૂબરૂ/Paytm-7487067279
(M) 9662413595
9409003756